૧, નવેમ્બર, ૨૦૨૨




**ઈન્ડિયન એમ્બેસી કુવેત ખાતે FIEO નાં ડેલીગેશનમાં રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા FIEO કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી પરસ્પર વેપાર–ઉદ્યોગ વિકસાવવા ચર્ચા–વિચારણા કરેલ...**

કુવેત સાથે પારસ્પરીક વેપાર–ઉદ્યોગના સબંધો વિકસાવવા અંગે રહેલ પુરતી શકયતાઓ અંગે એમ્બેસેડર ઓફ ઈન્ડિયન એમ્બેસી કુવેતના મિસ્ટર સીબી જયોર્જ દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટસ ઓર્ગેનાઈઝેશન (FIEO) નાં ડેલીગેશન સાથે ચર્ચા–વિચારણા માટે તાજેતરમાં એક મહત્વની મિટીંગ યોજવામાં આવેલ.

જેમાં રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા FIEO કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા કુવેત ખાતે ખાસ ઉપસ્થિત રહી રાજકોટનાં ઔદ્યોગીક વિકાસનો ચિતાર આપી નિકાસક્ષેત્રે, ઓટોપાર્ટસ, મશીનરી વગેરે વિવિધ ઉત્પાદનમાં ભારતમાં આગવું સ્થાન રાજકોટ ધરાવે છે. તેમજ કુવેતમાં વેપાર–ઉદ્યોગની વિપુલ તકો રહેલી છે ત્યારે કુવેત સાથે વેપાર–ઉદ્યોગ વિકસાવવા અમો ખુબ તત્પર છીએ. આ પ્રક્રિયામાં જયાં પણ જરૂર જણાય ત્યાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મદદરૂપ બની બે દેશોનાં વેપાર–ઉદ્યોગનાં વિકાસમાં સહભાગી બનશે. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.